




सत्यमेवजयते्
AVADH TIMES DAILY
અવધ ટાઇમ્સ
અમરેલી તા.૨૫-૧-૨૦૧૫ રવિવાર








# જાફરાબાદનાં વાંઢ ગામે પ્રજાસત્તાક દિનની ઉજવણી







જાફરાબાદ,જાફરાબાદ તાલુકાનાં વાંઢ ગામે તાલુકા કક્ષાનો ૬૬મો પ્રજાસત્તાક દિન ઉજવાયો હતો. પ્રભાતફેરી અને સુત્રોચ્ચાર સાથે ફલેગ માર્ચ કરી હતી. શાળા પરિસરમાં જાફરાબાદ હોમગાર્ડઝ યુનિટ તેમજ પોલીસ સ્ટાફે પરેડનું આયોજન કર્યુ હતુ. ધ્વજવંદન કાર્યક્રમના મુખ્ય મહેમાન ના.મામલતદારશ્રી ગોસ્વામીએ ધ્વજ ફરકાવ્યો છે. ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકી તેમજ સમગ્ર ઉપસ્થિત લોકોએ ધ્વજને સલામી આપી હતી. ઓફિસર કમાંડીંગ અરવિંદભાઇ બારૈયા તેમજ પીએસઆઇ પી.કે.રાઠોડે સંપૂર્ણ અદબ સાથે સલામી આપી હતી. આ પ્રસંગે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં વાંઢ પ્રા.શાળા નીજાનંદ શાળા, આદર્શ શાળા, અભિનવ શાળા તેમજસરકારી કોલેજની બાળાઓએ કૃતિ રજુ કરી શ્રોતાઓને મંત્ર મુગ્ધ કર્યા હતા, કેજીબીબીની બાળાઓએ દેશભક્તિ ગીત રજુ કર્યુ હતુ.

પ્રાસંગિક પ્રવચનમાં શ્રી હિરાભાઇ સોલંકીએ શહિદોને યાદ કરી આઝાદીનાં સમયે ગવાયેલ એ મેરે વતન કે લોગો ગીત પોતાના કંઠે ગાઈને રજુ કર્યુ હતુ અને લોકોને ભાવ વિભોર કર્યા હતા. મહેશભાઇ મામલતદારશ્રીએ સરકારશ્રીની ભાવનાઓ સમજાવી હતી. જાણીતા કવિશ્રી તેમજ જાફરાબાદના બીઆરસીશ્રી શશિભાઇ રાજયગુરુએ રાષ્ટ્રીય પર્વ નિમિતે ગાંધીજી અને સ્વામી વિવેકાનંદના વિચાર મુજબનું રાષ્ટ્ર નિર્માણ કરવા પ્રેરણા આપી હતી. વાંઢ ગામનાં સરપંચશ્રી દિલાભાઇ તેમજ માજી સરપંચ દિનેશભાઇએ ઇનામો આપ્યા હતા. આ પ્રસંગે ચેતનભાઇ શિયાળ, ટીડીઓ શ્રી નિસરતા, નાયબ મામ.શ્રી જોષીભાઇ, કાછડભાઇ, બોરીસાગરભાઇ, કોલેજ પ્રિન્સીપાલ અપારનાથી, કમલેશભાઇ ઠાકર, હાજર રહ્યા હતા કાર્યક્રમનું સંકલન શબ્બીભાઇ તેમજ સચીનભાઇ મહેતાએ કર્યુ હતુ. સંચાલન પરેશભાઇ ગોસાઇએ કર્યુ હતુ.

## બગસરાના જૂના વાઘણિયામાં પ્રજાસતાક દિન ઉજવાયો



બગસરા,

બગસરા તાલુકાના જૂના વાઘણિયા ગામે ૬૬માં પ્રજાસતક દિનની ઉજવણી પ્રા.શાળામાં કરવામાં આવેલ હતી. જેમાં સરપંચ શ્રી દ્વારા ધ્વજવંદન કરવામાં આવેલ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવેલ. આ પ્રસંગે મામલતદારશ્રી ખોખરીયા, બગસરા તાલુકા પંચાયતનાં ટીડીઓશ્રી રંગાડિયા, ગ્રામ વિસ્તારનાં સરપંચશ્રી રામવાળાના હસ્તે સ્કૂલમં ૧થી ૩ નંબર પર આવેલા વિદ્યાર્થીઓને સન્માનપત્ર તેમજ શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ તેમજ કુપોષણયુક્ત બાળકોને પોષણયુકત આહારનું વિતરણ સમઢિયાળાના ભરતભાઇ ગઢીયા, એસડીઓપી ભારતીબેન ઉપસરપંચશ્રી ડાંગરભાઇ સહિતનાં પધારેલા મહેમાનોનાં હસ્તે વિતરણ કરવામાં આવેલ હતુ. આ સમગ્ર કાર્યક્રમની આભારવિધી બળવંતભાઇએ કરેલ.

## અમરેલી પટેલ સંકુલમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી



## લીલિયા અમૃતબા હાઈસ્કૂલમાં ધ્વજવંદન



લીલિયા, લીલિયા અમૃત બા હાઈસ્કૂલનાં કમ્પાઉન્ડમાં લીલિયા મહાલ કેળવણી મંડળ સંચાલિ શ્રી અમૃતબા હાઈસ્કૂલ શ્રીમતી શાંતાબેન કન્યા વિદ્યાલય અને જ્ઞાનદિપ ઉચ્ચ પ્રાથમિક શાળાના સંયુકત સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં લીલિયા મહાલ કેળવણી મંડળના મંત્રી મગનભાઇ વિરાણી દ્વારા ધ્વજ ફરકાવવામાં આવેલ. ધ્વજવંદન બાદ ત્રણે સ્કૂલનાં વિદ્યાર્થી ભાઇબહેનો દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરવામાં આવેલ જેને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પુરસ્કૃત કરવામાં આવેલ. આ સ્વાતંત્ર્ય પર્વમાં નિયામક બાબુભાઇ ધામત, આચાર્યા ઈલાબેન દવે, માનસિંહ ચૌધરી, સંજયભાઇ ખુગલા તથા વાલીમંડળના પ્રમુખ કિશોરભાઇ પાઠક દ્વારા પ્રાસંગિક પ્રવચનો આપવામાં આવેલ.આ કાર્યક્રમનું સુંદર સંચાલન કીરીટભાઇ ઉપાધ્યાયે કરેલ કાર્યક્રમ સફળ બનાવવા શિક્ષક ભાઇબહેનો તથા સ્ટાફ ગણે આયોજન કર્યાનુ અશોક વિરાણીએ જણાવ્યું છે.

## અમરેલી જિલ્લા એનએસયુઆઇ દ્વારા ફુલોનું વિતરણ



અમરેલી,અમરેલી જિલ્લા એનએસયુઆઇ દ્વારા અમરેલીના રાજકમલ ચોકમાં ૨૬ જાન્યુઆરીની અનોખી ઉજવણી કરી. જિલ્લા એનએસયુઆઈનાં હોદ્દેદારો દ્વારા રાજકમલ ચોકમાં નાના ભુલકાઓ તથા અમરેલીની જનતાને રાષ્ટ્રધ્વજવંદન તથા ફૂલ આપી લોકોને શુભેચ્છા પાઠવવામાં આવી.આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા એનએસયુઆઇ પ્રમુખ સમીર કુરેશી, અમરેલી જિલ્લા એનએસયુઆઇ મહામંત્રી મૌલિક ઉપાધ્યાય, કન્વિનર સની ડાબસરા, કન્વિનર શરદ મકવાણા, શહેર પ્રમુખ દેવરાજ બાબરીયા, ઉપપ્રમુખ શહેર તેજસ મસરાણી, શહેર મહામંત્રી રાજ મકરાણી, શહેર મંત્રી શાંતિ ખુમાણ, મયુર સેંજલિયા, મોસીન ભરી, આસીફ કુરેશી, રૂતિલ ગજજર, અતુલ ચાવડા, રૂદ્રાક્ષ ગોસાઇ, દિવ્યેશ લાઠીયા, અક્ષિત સોઢા, હરી કાબરીયા, કેતન ઉકાણી, ઘનશ્યામ કાબરીયા, કેયુર રૈયાણીનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલાનાં કડિયાળીમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો



રાજુલા, રાજુલા તાલુકાના કડિયાળીમાં તાલુકા કક્ષાના પ્રજાસત્તાક દિનનીઉજવણી કરવામાં આવી હતી. ડે.આસિ.કલેકટર સુજલ મયાત્રાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ કડિયાળી પ્રા.શાળાની બાળા દ્વારા સ્વાગત ગીત રજ કર્યુ, ગામના સરપંચ મહેશભાઇએ મહેમાનોનું સ્વાગત પ્રવચન કર્યુ હતુ. આ પ્રસંગે પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર એએસઆઇ શ્રી ઝાલાએ કરાવ્યું હતુ. સ્થાનિક રાજુલાના સેવાભાવી કાર્યકરો શ્રી અફઝલબાપુ, શ્રી યોગેશ કાનાબાર અને રણછોડભાઇ સાંખટનું બહુમાન કર્યુ તેમજ બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. આસી.કલેકટરશ્રીએ પ્રસંગ અનુરૂપ ઉદ્દબોધન કર્યુ હતુ. નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રી અંબરીશ ડેર, મામ.શ્રી વાળા, ટીડીઓશ્રી વસાવા, કેનિ શ્રી મણીબેન, બીઆરસી રહીમભાઇ કનોજીયા, આચાર્યશ્રી પ્રા.શાળા બચુભાઇ, શ્રી તેરૈયા, ઉત્થાન ટ્રસ્ટના પારૂલબેન, શ્રી પરમારભાઇ, પૂર્વ સરપંચશ્રી બાબુદાદા ઓઝા તથા નાજભાઇ કોટિલા, તથા ભોળાભાઇ વાઘ, મંગાભાઇ વાઘ તથા મનોજભાઇ વાઘેલા, રવુભાઇ મકવાણા, પ્રણવભાઇ, રેખાબેન કણસાગરા, જીશાબેન રાવ, સંગીતાબેન સુથાર, ઉર્મિલાબેન જાનીએ ભારે જહેમત ઉઠાવી હતી. આંગણવાડી કાર્યકર્તા રેખાબેન તથા મેઘનાબેન હાજર રહ્યા હતા.

